# ભારતીય જનતા પાર્ટી
## કર્ણાવતી મહાનગર
પં. દીનદયાળ ભવન, જે.પી. ચોક, ખાનપુર, કર્ણાવતી-૩૮૦ ૦૦૧


**પ્રેસનોટ** **તા. ૨૨-૦૨-૨૦૧૨.**

## બક્ષીપંચની અનામતમાંથી લઘુમતીને અનામત સામે તા. ૨૩,૨૪ ફેબ્રુઆરી'૨૦૧૨ના રોજ અમદાવાદમાં "જન જાગરણ યાત્રા"

.................................

## જન - જન જાગે - બક્ષીપંચ વિરોધી કોંગ્રેસ ભાગે

ભાજપા કર્ણાવતી મહાનગરના નેજા હેઠળ બક્ષીપંચની ૨૭ ટકા અનામતમાંથી લઘુમતીને ૪.૫ ટકા અનામત આપવાના કેન્દ્રની કોંગ્રેસ સરકારના અન્યાયી કૃત્ય સામે "જન જાગરણ યાત્રા" **અમદાવાદમાં તા. ૨૩ અને ૨૪ ફેબ્રુઆરીના રોજ કાઢવામાં આવશે** અને શહેરમાં ઠેર - ઠેર સભાઓ કરવામાં આવશે.

ભાજપાના મહાનગરના અધ્યક્ષ શ્રી રાકેશભાઈ શાહ અને મહામંત્રી શ્રી મહેશભાઈ કસવાલાએ આ અંગેની વિગતો આપતા જણાવ્યુ છે કે બક્ષીપંચના મહાનગરના અધ્યક્ષ શ્રી લિલેશભાઈ ચૌધરી અને ભાજપાના આગેવાનો અને બક્ષીપંચ મોરચાના સૌ હોદ્દેદારો આ યાત્રામાં જોડાઇને જન જાગરણનું મહત્વનું કાર્ય કરશે.

તેઓએ જણાવ્યુ છે કે તા. ૨૩ ફેબ્રુઆરીના રોજ અમદાવાદ પૂર્વ લોકસભા મત વિસ્તારની વિધાનસભાના જુદા જુદા વોર્ડમાં આ યાત્રા ફરશે. આ યાત્રાનું **તા. ૨૩ ફેબ્રુઆરીના રોજ નરોડા ગ્રામ પંચાયત પાસેથી બપોરે ૨.૩૦ કલાકે બક્ષીપંચ મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી ભગવાનદાસ પંચાલ પ્રસ્થાન કરાવશે.** આ પ્રસંગે **અમદાવાદ મહાનગરના મેયર શ્રી અસિતભાઈ વોરા, શહેર મહામંત્રી શ્રી પ્રવિણભાઈ પટેલ યાત્રામાં** જોડાશે. **તા. ૨૩ ફેબ્રુઆરીના રોજ યાત્રા સૈજપુર, કૃષ્ણનગર, ઠક્કરનગર, ઇન્ડીયા કોલોની, સરસપુર, રખિયાલ, બાપુનગર, ઓઢવ, અર્બુદાનગર, વસ્ત્રાલ, ઇન્દ્રપુરી, ખોખરા, ઘોડાસર, ઇસનપુર થઇ અમરાઇવાડી પહોંચશે. અમરાઇવાડી સુરેલીયા રોડ ખાતે સાંજે ૭.૦૦ કલાકે જાહેરસભા યોજાશે જેને પ્રદેશ મહામંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી** સહિત મહાનુભાવો સંબોધશે.

તેઓશ્રીએ વધુમાં જણાવ્યું છે કે **તા. ૨૪ ફેબ્રુઆરીના રોજ કેન્દ્ર સરકારની બક્ષીપંચને અન્યાય કરતી નીતિ સામેની** "જન જાગરણ યાત્રા" **અમદાવાદ પશ્ચિમ લોકસભા મતવિસ્તારમાં ફરશે. આ યાત્રાનું પ્રસ્થાન અંબાજી માતાનું મંદિર, મલાવ તળાવ, જીવરાજ પાર્કથી મહાનગરના પૂર્વ મેયર તેમજ પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી કાનાજી ઠાકોર બપોરે ૨.૩૦ કલાકે કરાવશે. અમદાવાદ પશ્ચિમના સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી, ઔડાના ચેરમેન શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ, શહેર મહામંત્રી શ્રી ચંદ્રપ્રકાશભાઈ દવે સહિત આગેવાનો જન જાગરણ યાત્રાનું નેતૃત્વ કરશે.**

અમદાવાદ પશ્ચિમ લોકસભા મતવિસ્તારમાં જીવરાજ પાર્કથી પ્રસ્થાન થયેલી જન જાગરણ યાત્રા વેજલપુર, જોધપુર, બોડકદેવ, થલતેજ, નારણપુરા, ઘાટલોડીયા, ચાંદલોડીયા, રાણીપ, જુના વાડજ, દૂધેશ્વર, માધુપુરાથી ગિરધરનગર થઇ અસારવા જશે. અસારવા ચમનપુરા ચકલા ખાતે સાંજે ૬.૩૦ કલાકે જાહેરસભા યોજાશે જેને પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી કૌશિકભાઈ પટેલ સહિત મહાનુભાવો સંબોધશે.

તેઓશ્રીએ અંતમાં જણાવ્યું છે કે તા. ૨૩, ૨૪ ફેબ્રુઆરી બે દિવસ અમદાવાદમાં ફરનારી "જન જાગરણ યાત્રા" શહેરની તમામ વિધાનસભાના ૬૪ વોર્ડમાં જન - જનને જાગૃત કરવાનું અને કેન્દ્રની કોંગ્રેસ સરકારની નીતિને ખુલ્લી પાડવાનું કાર્ય કરશે. આ યાત્રામાં મહાનગરના તમામ ચુંટાયેલા પ્રતિનિધિઓ, સંગઠનના હોદ્દેદારો તેમજ જુદા જુદા સમાજના આગેવાનો જોડાશે. આ યાત્રા માટે વિશિષ્ટ રથ તૈયાર કરાયેલ છે. પત્રિકા, પોસ્ટર, વોલ રાઇટીંગ, સ્ટીકર, હોર્ડિંગ્સ વગેરે પ્રકારની પ્રચાર વ્યવસ્થા કરેલ છે. કેન્દ્રની સરકાર સામે જન જાગરણ યાત્રા બાદ વધુ આક્રમક કાર્યક્રમ કરવામાં આવશે.

(ડૉ. જગદીશ ભાવસાર)
કન્વીનર - મીડીયા સેલ